ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી
(આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા સંચાલિત સ્વાયત્ત સંસ્થા)
ડ્જોમાળ, બિરસામુન્ડા ભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર- ૩૮૨૦૧૦
Email: emrs.ed@gmail.com ફોન: ૦૭૯-૨૩૨૪૩૭૪૮/૪૯

ક્રા.નં. ટીડી/ઇ.એમ.આર.એસ./૨૦૨૪/૩૭૫૪/ ૪૬૧ તા. ૧/૦૫/૨૦૨૪

પ્રતિ,

પ્રાયોજના વહીવટદારશ્રી, ખેડબ્રહ્મા,
જિ- સાબરકાંઠા

વિષય : શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં નવી ઈ.એમ.આર.એસ. શાળાઓ શરૂ કરવા બાબત.

સંદર્ભ : ૧) NESTS/HR & State issues/100/2021-22 Dated: 06/02/2024
૨) જી.એસ.ટી.ઇ.એસ. પત્ર નં.ટીડી/ઇએમઆરએસ/૨૦૨૪/૧૬૫ તા.૧૯/૦૨/૨૦૨૪
૩) પી.એ. ખેડબ્રહ્માના પત્ર નં.આઇટીડીપી/શિક્ષણ/વશી/૯૪૨/૨૦૨૪ તા.૨૦/૦૫/૨૦૨૪

ઉપરોક્ત વિષય પરત્વેના સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, NESTS, ભારત સરકાર દ્વારા મંજુર થયેલ ઇ.એમ.આર.એસ. શાળાઓને વર્ષ ૨૦૨૪-૨૫ થી શરૂ કરવા જણાવેલ છે.

સંદર્ભ ૨) થી જી.એસ.ટી.ઇ.એસ. દ્વારા NESTS, ભારત સરકારની સુચના મુજબ ઇ.એમ.આર.એસ. શાળાઓ અન્ય સરકારી મકાન કે ભાડાના મકાનમાં નવા શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫ થી શરૂ કરી શકાય તેમ હોય તો તે અંગેનો અહેવાલ તથા ચેકલીસ્ટ સાથે વિગતો મોકલી આપવા જણાવેલ હતું.

સંદર્ભ ૩) થી પ્રાયોજના વહીવટદારશ્રી ખેડબ્રહ્મા દ્વારા નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી નવી ઇ.એમ.આર.એસ. વિજયનગર અને ઇ.એમ.આર.એસ. ખેડબ્રહ્મા શાળાઓ શરૂ કરવા અહેવાલ અને ચેકલીસ્ટ અત્રે મોકલી આપેલ છે.

ઉક્ત વિગતે NESTS, ભારત સરકારના પત્રમાં દર્શાવેલ શાળાઓમાંથી જે શાળાઓનુ મકાન બાંધકામ આગામી સમયમાં પુર્ણ થનાર છે તથા પ્રાયોજના વહીવટદારશ્રીના અહેવાલ અને ચેકલીસ્ટ મુજબ ૧) ઇ.એમ.આર.એસ. વિજયનગર જિ- સાબરકાંઠા અને ૨) ઇ.એમ.આર.એસ. ખેડબ્રહ્મા જિ- સાબરકાંઠા શાળાઓને આગામી શૈક્ષણિક સત્રમાં શરૂ કરવા નક્કી કરવામાં આવેલ છે.

આથી, ૧) ઇ.એમ.આર.એસ. વિજયનગર જિ- સાબરકાંઠા અને ૨) ઇ.એમ.આર.એસ. ખેડબ્રહ્મા જિ- સાબરકાંઠા શાળાઓમાં શાળાનું સી.બી.એસ.ઇ. રજીસ્ટ્રેશન (CBSE affiliation), ભૌતિક સુવિધા, ભોજન તેમજ રહેવાની સુવિધા, તથા જરૂરી આનુસંગિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવી નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી ઉક્ત બન્ને શાળા શરૂ કરવા જણાવવામા આવે છે. ધોરણ -૬ ના વર્ગ માટે શાળામાં જરૂરી શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની NESTS ની કાર્યરત ભરતીમા આવરી લેવા માહિતી મોકલી આપવામાં આવશે.

કાર્યપાલક નિયામક
જી.એસટી.ઈ.એસ.
ગાંધીનગર

નકલ રવાના:- આચાર્યશ્રી, ઇ.એમ.આર.એસ. વિજયનગર જિ- સાબરકાંઠા અને
ઇ.એમ.આર.એસ. ખેડબ્રહ્મા જિ- સાબરકાંઠા